ગુગરીનાં ૧૦ ગીનાન

રચનાર-

સૈયદ ઇમામશાહ

પ્રગટ કરનાર

મુખી લાલજીભાઈ દેવરાજ.

ગીનાન ૧૦ ગુગરીનાં.

(રચનાર–પ્રસિદ્ધ ઈમામશાહ.)

૧ લું ગીનાન.

જીરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જે આંધી,
તે ગુગરિનુ તેજ અપાર જીરેભાઈ ।૧।

જીરેભાઇ તે ગુગરીકી પાસે એક મલાએક બેઠા,
તે જુએ સાચા મુમનની વાટ જીરેભાઇ ।૨।

જીરેભાઇ રાત દીવસ મલાએક સેવા માહે ઉભા,
કે સાચા મુમન કયારે આવે જીરેભાઇ ।૩।

જીરેભાઇ અરત લોકમાંહે જે કોઈ સાચી પ્રીતે જાગે,
તે ગુગરીને નીચ આવે જીરેભાઈ ।૪।

જીરેભાઇ સાચી પ્રીતે જે કોઇ ગુરનરને આરાધે,
તો તે ગુગરીને તલે બેસે જીરેભાઇ ।૫।

જીરેભાઇ ગુગરી તલે ગુરનર આપજ બેઠા,
તે સાચા મુમન ત્યાંજ આવે જીરેભાઇ ।૬।

જીરેભાઇ ભણે પીર ઈમામ સાહ અમે ગુગરી જે દીઠી,
તે ગુગરિનું તેજ અપાર જીરેભાઈ ।૭।

૨ જું ગીનાન.

જીરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી,
તેનુ તેજ ચંદરમા સરીખું જીરેભાઇ ।૧।
જીરેભાઇ તેની નીચે એક ઢોલણી જો રાખી,
તે ઢોલણી પર હુર અપાર જીરેભાઇ ।૨।
જીરેભાઇ તે હુરા આગલ એક પરી જો બેઠી,
તે પરીના હાથ માંહે નુર નીસાની જીરેભાઇ ।૩।
જીરેભાઇ મરત લોકમાંહે જે કોઇ પ્રભાતે જાગે,
તે પરિ તેની જુવે છે વાટ જીરેભાઇ ।૪।
જીરેભાઇ ભણે પીર ઇમામશાહ અમે પરી જો દીઠી,
તે પરી જાંણે નુરાની જોત જીરેભાઇ ।૫।

૩ જું ગીનાન.

જીરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી,
તે ગુગરીનું તેજ અપાર જીરેભાઇ ।૧।
જીરેભાઇ તે ગુગરી હેઠે એક રંગજ લાગેા,
દસ આસમાનથી મલાએક આવે જીરેભાઇ ।૨।
જીરેભાઇ તે મલાએક દરદ નીમાજજા પડે,
તે સાચા દખીસરને કાજે જીરેભાઇ ।૩।
જીરેભાઇ મરત લોક માંહે જે કોઇ અડધીરાતે જાગે,
તેને કાજે જીકર કરે છે જીરેભાઇ ।૪।
જીરેભાઇ ભણે પીર ઇમામ સાહ અમે ગુગરી જે દીઠી,
તે દીઠીયું બાહુ હમ કહેવે જીરેભાઇ ।૫।

૪ થું ગીનાન.

જરેભાઈ અમરાપુરી આગલ એક ગુગરી જે આંધી,
તેનુ તેજ અનંત દીસે જરેભાઇ ।૧।
જરેભાઇ તે ગુગરી નીચે એક સતીજ બેઠી,
તેનુ નામતો મહાસતી કહીયે જરેભાઈ ।૨।
જરેભાઇ તે સતીના હાથ માંહે એકજ માળા,
તેતો ફેરવે ને જપ કરે છે જરેભાઈ ।૩।
જરેભાઇ ભરત લોકમાં જે કોઇ સીલ સંતોસ રાખે,
તે સતી તેની જુએ છે વાટ જરેભાઇ ।૪।
જરેભાઇ ભણે પીર ઈમામશાહ અમે સતીજ દિઠી,
તમે તે સહિ સાચું કરી જાણો જરેભાઈ ।૫।

૫ મું ગીનાન.

જરેભાઇ અમરાપુરિ આગલ એક ગુગરી જે આંધી,
તેનું તેજ ઝરીઝ દીસે જરેભાઈ ।૧।
જરેભાઈ તે ગુગરી નીચે એક રથ જે ખડા,
તિસમે અનેક મલાએક બેઠા જરેભાઈ ।૨।
જરેભાઇ તે અનેક મલાએક જપજ કરે,
ઉસમે જપ તપ કરે શાહાડા જરેભાઇ ।૩।
જરેભાઈ ભરત લોકમાંહે જે કોઈ રા પોહરે જાગે,
તાકું વો મલાએક માગે જરેભાઇ ।૪।
જરેભાઈ ભણે પીર ઈમામશાહ અમે સાચુજ બોલ્યા,
તે દીઠીયું વાતું હમ કહેવે જરેભાઈ ।૫।

૬ ઠું ગીનાન.

જરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જે આંધી,
તે ગુગરીનુ તેજ અપાર જરેભાઇ ।૧।
જરેભાઇ તે ગુગરીકી નીચે એક બુરાક જે ખડા,
સો બુરાક નુરે નીપાયા જરેભાઇ ।૨।
જરેભાઇ તેની આગલે એક પુરખજ ખડા,
તેતો અસ્વ ઝાલીને ઉભા જરેભાઇ ।૩।
જરેભાઇ તે પુરૂખકે મુખમાંડે એસીજે વાણિ,
આવો આવો કરીને પુકારે જરેભાઇ ।૪।
જરેભાઇ મરત લોકમાંહે જે કોઇ શાહા પીરને પીછાણે,
તો તે ગુગરી નીચે આવે જરેભાઇ ।૫।
જરેભાઇ તે મોમન બુરાક ઉપર બયેઠંજે,
તે તો સરગની સહેલ સરવે દેખે જરેભાઇ ।૬।
જરેભાઇ પીર ઇમામશાહ ઇયુંજ બોલ્યા,
સાચા મોમન સોહી પીછાણો જરેભાઇ ।૭।

૭ મું ગીનાન.

જરેભાઇ એમરાપુરી આગલ એક ગુગરી જે બાંધી,
તેની જોત નીરમલ હોયે જરેભાઇ ।૧।
જરેભાઇ ગુગરી નીચે બીછાંણા જે પડયાં,
તીસ ઉપર પુસ્તક રાખ્યાં જરેભાઇ ।૨।
જરેભાઇ તે પુસ્તક માંહે અખર અજબ,
તે માંહે સોહ કલમે લખ્યા જરેભાઇ ।૩।
જરેભાઇ તે પુસ્તક આગે એક મલાએક ઉભા,
તેના હાથે ચીરા જડયા જરેભાઇ ।૪।

જરેભાઈ ઉનકે અજવાલે તે પુસ્તક દીસે,
ઓર સાહબી સફાયતે કાહાવે જરેભાઇ | ૫ |
જરેભાઇ મસ્ત લોકમાંહે જે કોઇ રાત દિન જાગે,
અને ગુરના ગીનાન સંભલાવે જરેભાઇ | ૬ |
જરેભાઇ મલાએક ઉભા તેનું વાટું જુએ છે,
તે પુસ્તક પાસે વેલા આવો જરેભાઈ | ૭ |
જરેભાઇ જે સાહા પીરકી સાચી દસોંદજ આલે,
તે તો ગુગરી નીચે આવે જરેભાઈ | ૮ |
જરેભાઇ ઉનું બીછાંણે ઉપર ઉનકું બીઠાવે,
અને પુસ્તક પાસે રાખે જરેભાઈ | ૯ |
જરેભાઇ ભણે પીર ઇમામશાહ અમે બીછાંણાં પર બેઠા,
તો તમે સાચ્ચુ કરી માંનો જરેભાઈ | ૧૦ |

૮ મું ગીનાન

જરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી,
તે ગુગરી છે સુરજ સમાન જરેભાઈ | ૧ |
જરેભાઈ તે ગુગરી નીચે એક છત્રજ ઢાળ્યા,
તીસ છત્રકા તેજ અપાર જરેભાઇ | ૨ |
જરેભાઇ છત્ર હેઠે એક નરબે બેઠેલા,
તેનો મુખનની જુવે છે વાટ જરેભાઈ | ૩ |
જરેભાઇ મસ્ત લોકમાંહે જે કોઇ એક મના રહેવે,
તે તો બેસમે નરકે હજુર જરેભાઈ | ૪ |
જરેભાઈ તે નરતો હુવે નીપાયા
તીસકે જોતે જોત મીલાયા જરેભાઈ | ૫ |

જીરેભાઇ છત્ર તલે બોહોત સણગાર કીધા,
રાત દીવસ માલમ ન સુજે જીરેભાઇ |૬|
જીરેભાઇ પીર ઈંદર ઈમામદિન સાચુંજ કહેવે,
નજરો નજર મીલાવું જીરેભાઈ |૭|

૯ મું ગીનાન.

જીરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી,
તેનું તેજ તો છે અપાર જીરેભાઇ |૧|
જીરેભાઈ તે ગુગરી નીચે એક ખુરસી જો રાખી,
ત્યાં હુરાંઉ છે હજાર જીરેભાઇ |૨|
જીરેભાઇ હુરાંઉકે હાથમાંહે નુર કંચોલા,
તે ઉભી અરદાસ માંગે જીરેભાઇ |૩|
જીરેભાઇ મરત લોકમાંહે જે કોઇ ત્રણ ટાંણા જાગે,
તે હુરાં તેની જુએ છે વાટ જીરેભાઈ |૪|
જીરેભાઇ ભણે પીર ઈમામશાહ અમે હુરાં જો દીઠી,
તેને નુર કંચોલા છે હાથ જીરેભાઇ |૫|

૧૦ મું ગીનાન.

જીરેભાઇ અમરાપુરી આગલ એક ગુગરી જો બાંધી,
તેનું તેજ જલકે અપાર જીરેભાઈ |૧|

જીરેભાઇ તેની જલકાર સાતે અસમાન સુજે,
અને દેવતા સીર નમે જીરેભાઇ | ૨ |

જીરેભાઇ ગુગરી નીચે તો મલાએક રહેવે,
તે તો કરે છે શાહસું વાત જીરેભાઇ | ૩ |

જીરેભાઇ ઉનકે પાસ એક સીંગાસણ રાખ્યાં,
ઉનુંકા તેજ અપાર જીરેભાઇ | ૪ |

જીરેભાઇ ઈનુંકે આગે પીછે હુરાં જો ખડયા,
તે તો કરે છે શાહાસું અરદાસ જીરેભાઇ | ૫ |

જીરેભાઇ મરત લોકમાંહે જે નારી આપજ રાખે,
તે હુરાં તેની જુએ છે વાટ જીરેભાઈ | ૬ |

જીરેભાઈ ભણે પીર ઇમામશાહ અમે સાચુજ કેહેવે,
તે નારી તો હુરાં માંહે ભલસે જીરેભાઇ | ૭ |

સમાપ્ત.